**ડૉ. રમેશ એચ. ચૌધરી**
અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ,
શ્રી. યુ. એચ. ચૌધરી, આર્ટ્સ કોલેજ,
વડગામ.
મો. ૯૪૨૭૨૫૪૦૬૪

# પ્રાચીન સંસ્કૃત સાહિત્યનું મહત્ત્વ અને પ્રદાન

લગભગ આખા ભારત દેશે ચારેક હજાર વર્ષ સુધી પોતાના ઉત્તમોત્તમ વિચારો સંસ્કૃતમાં વ્યક્ત કર્યા છે. સંસ્કૃતે જ ભારતીય સંસ્કૃતિને ચિરંજીવી એકતા અર્પી છે. અને એણે જ ભારત જેવા વિશાળ ઉપખંડમાં ભાષાની , જાતિની, ભૂગોળની આર્થિક – સાંસ્કૃતિક અને અન્ય વિભિન્નતાઓમાં એકતા આણી છે. ધર્મ અને તત્વજ્ઞાનના અનેક પ્રાચીન સ્પંદનો ઝીલવા ઉપરાંત ધર્મનિરપેક્ષ સંસ્કૃતિ અને સાહિત્યના અનેક જોરદાર આંદોલનોની સંસ્કૃત ભાષા જનની બની છે. સંસ્કૃત અને ભારતની પ્રશિષ્ટ ભાષા છે. જગતની પ્રાચીનતમ ભાષાઓમાં સંસ્કૃત ભાષાની ગણના થાય છે. ઈન્ડો-યુરીપીયન ભાષા કુળની અતિ પ્રાચીન, અનિ વિશિષ્ટ અને અત્યંત મુલ્યવાન ભાષા સામગ્રી સંસ્કૃત ભાષામાં મોજૂદ છે. ઈન્ડો-યુરોપીયન લોકોની ભાતૃભાષા માંથી ઉત્પન્ન થયેલી છ કે સાત ભાષા પુત્રીઓમાંથી એક સંસ્કૃત ભાષા જ આજે વિધમાન છે. આમ સંસ્કૃત એક એવા ભાષાકુળ સાથે સંબંધ ધરાવે છે. જેમાંથી ઉત્પન્ન થયેલી ભાષાઓ વિશ્વભરમાં સૌથી વધુ વ્યાપક રીતે બોલાય છે. એટલું જ નહિ પણ એ ભાષાઓ સર્વ રીતે આજની દુનિયાની સંસ્કૃતિના સમર્થ પરિબળરૂપ છે. બીજા શબ્દોમાં સંસ્કૃત એ માત્ર ભારતની પ્રાચિનતમ ભાષા જ નથી, એ માનવસંસ્કૃતિની ભાષા પણ છે. કેમકે એમાં ભારતીય સંસ્કૃતિના ઈતિહાસ ઉપરાંત આર્યજાતિની સભ્યતા, વિચારોને માન્યતાઓનો ઈતિહાસ અકબંધ સચવાયેલો પડ્યો છે. સાંસ્કૃતિક ચેતનાના વાહન તરીકે તેમજ સાહિત્યિક સમૃધ્ધિની દ્રષ્ટિએ સંસ્કૃત ભાષાને યુરોપની પ્રાચીન ભાષા ગ્રીક સાથે રોમન ભાષા સાથે મુકી શકાય. પણ મેકડોનેલ કહે છે તેમ માનવજાતિની ઉત્ક્રાંતિનો અભ્યાસ કરવાના સાહિત્ય તરીકે તો એ ગ્રીસના સાહિત્ય કરતાંયે ગ્રંથ કરતાંયે વધારે ચઢિયાતી ભાષા છે. કેમકે સંસ્કૃત ભાષાના પ્રારંભનો સમય તો ગ્રીક ભાષાના કોઈપણ ગ્રંથ કરતાંયે વધારે પ્રાચીન છે. અને આથી જ સંસ્કૃત ભાષા સાહિત્યની પુન:પ્રાપ્તિને યુરોપમાં સાંસ્કૃતિક ક્રાંતિના સીમાચિહ્નરૂપ ગણવામાં આવી હતી. સંસ્કૃતની સાહિત્યિક અને સાંસ્કૃતિક પરંપરા લગભગ ચાર હજાર વર્ષથી અતૂટ રહી છે ને આજે પણ ગણથંભી આગળ વધી રીહ છે. સંસ્કૃતનો સાંસ્કૃતિક પ્રભાવ ભારતની બહાર અનેક દેશોમાં ફેલાયો હતો. જગતના બૌદ્ધ દેશોમાં તેમજ દૂરપૂર્વના જાવા, સુમાત્રા, બાલી વગેરે દેશોમાં આજે પણ સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિનાં એનક ચિન્હો મોજુદ છે.

આર્યપ્રજા પાસે પ્રાગૈતિહાસિક કાળમાં સુદીર્ઘ મૌખિક પરંપરાથી રચાયેલું વિપુલ સાહિત્ય હશે. પણ આપણને પ્રાપ્ત થયેલા પ્રાચીનમાં પ્રાચીન સંસ્કૃત સાહિત્યનો પ્રારંભ ભાવપ્રધાન કવિતાથી થયેલો જણાય છે. ઋગ્વેદ, યજુર્વેદ,

સામવેદ અને અથર્વવેદમાં સંગ્રહાયેલાં આ પ્રાર્થના કાવ્યો તેમની વાણીની વિશિષ્ટ ઉચ્ચાર પધ્ધતિથી મનોહર કાવ્યગુણથી અને છંદોબધ્ધ લયવાહિતાથી આપણને મુગ્ધ કરી દે છે.

માનવ હૃદયની વિભિન્ન લાગણીઓ અને અનુભૂતિઓને વ્યક્ત કરવાની મથામણમાં સંકુલ અને જટિલ બનતી ભાષાનાં થોડા ઘણા લક્ષણો વૈદિક ભાષામાં પણ જોવા મળે છે. શબ્દમાં પ્રસ્તુત થયેલું, શબ્દની કળા બનવા મથતું, માનવહૃદયની વિવિધ લાગણીઓ, ઉર્મિઓ, આકાંક્ષાઓ, હતાશાઓ, ભય-જુગુપ્શા અને બીજા અકળ મંથનોનું વાહન બનવા મથતું વૈદિક સાહિત્ય ઘણી પ્રાચીન કવિ પરંપરા ધરાવે છે. આ ઉલ્લેખની સાથે છેલ્લે છેલ્લે થયેલ શોધોનો વિચાર કરીએ તો જરૂર એમ કહી શકાય કે વૈદિક સાહિત્ય ઈ.સ. પૂર્વે ૨૦૦૦ વર્ષથીય જુનુ છે. ઋગ્વેદના આઠમા મંડળના ૧૦૦ માં સૂક્તની અગીયારમી ઋચામાં અને ઋગ્વેદ ૧૦-૭૧-૨ માં કહ્યું છે તેમ ઋગ્વેદના કવિએ પોતાની વાણીની શક્તિને મનમાં સંસ્કારીને એને પોતાના સુતક્નું, પ્રાર્થનાનું , ઉર્મિકાવ્યનું, ભાવગીતનું વાહન કે માધ્યમ બનાવી છે. શ્રૃતિ તરીકે આળખાતા આ સાહિત્યનો વિસ્તાર થતો જ રહે છે. યજ્ઞને બ્રાહ્મણગ્રંથોના કર્મકાંડની જાળમાં સપડાયેલો જોઈને વિચારમાં પડી ગયેલો આર્યઋષિ યજ્ઞના આધ્યાત્મિક સ્વરૂપનો વિચાર કરવા લાગે છે. અરણ્યમાં રહે રહે એણે કરેલું ચિંતન વૈદિક સાહિત્યના અંગરૂપ ગણાતા આરણ્યગ્રંથોમાં સચવાયેલું જોઈ શકાય છે. જેમ જુદા જુદા વેદોને પોતાના બ્રાહ્મણો છે તેમ આરણ્યકો પણ છે. ધીમે ધીમે આધ્યાત્મિક ચિંતકોની એક પેઢી વિકસી જેણે વૈદિક સાહિત્યના અંતિમ અને ભારતીય તત્વજ્ઞાનના આધ પ્રસ્થાન સમા ઉપનિષદ ગ્રંથોનું સર્જન કર્યું. વેદના સાહિત્યનો અંતિમ તબક્કો સૂચવતાં હોવાથી ઉપનિષદો વેદાન્ત તરીકે પણ ઓળખાય છે. વળી, વેદોનું, બ્રાહ્મણોનું અને આરણ્યકોનું, આધ્યાત્મિકતા અને તત્વચિંતન તરફ ઢળેલું વલણ ઉપનિષદોમાં પરાકાષ્ઠાએ પહોંચે છે તેથી પણ વેદોનું જે કંઈ છે તેની ચરમસીમા જેવા ઉપનિષદોને વેદાન્ત નું બિરૂદ મળ્યું. જો કે ઉપનિષદોમાં વિચાર અને વાણીના વલણો બદલાય છે, છતાં ભાષાની રીતે વૈદિક પરંપરાનું જતન થાય છે. વેદ, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ મળીને વૈદિક શ્રૃતિ સાહિત્ય બને છે. સમય જતાં વેદને સમજવા માટે વેદના અંગરૂપ છ શાસ્ત્રોનું વેદાંગ સાહિત્ય અસ્તિત્વમાં આવે છે. એમાં શિક્ષા, વ્યાકરણ, નિરૂક્ત, છંદ, કલ્પ અને જ્યોતિષશાસ્ત્રનો સમાવેશ થાય છે.

ભારતના પ્રાચીન ઈતિહાસમાં અને જગતના ઈતિહાસમાં રામાયણ અને મહાભારત આ બે મહાકાવ્યોની ઉત્પત્તિએ સંસ્કૃતિક અને સાહિત્યિક બંને રીતે ક્રાંતિકારી અને શકવર્તી બનાવે છે. મહાભારતના યુદ્ધના મૂળ બનાવની આસપાસ રચાયેલો સર્વસંગ્રહ કે જ્ઞાનચક્ર જેવો મહાભારતનો ગ્રંથ એની અસંખ્ય આડકથાઓથી, નીતિ, ધર્મ અને સદાચારના બોધથી તેમજ લોકભોગ્ય આલેખનશૈલીથી , ખરેખર વીરચરિત મહાકાવ્ય કે મહાગ્રંથ બન્યો છે. અહીં નહીં તે કહીં નહીં ની જે કહેવત મહાભારત વિશે પ્રચલિત બની છે તે મહાભારતના જ્ઞાનચક્ર જેવા સ્વરૂપનો બરાબર ખ્યાલ આપે છે. 'વ્યાસનું એંઠું જગત આખું' એ કહેવત અનુસાર મહાભારત પછી જે લખાયું તે બધું જ મહાભારત પરથી લખાયું છે અર્થમાં સાચું છે કે પાછળના સંસ્કૃત સાહિત્યનું મહાભારત એ આરંભબિંદુ છે. વૈશંપાયન કહે છે. :

*ईदं शतसहस्त्र तु श्लोकानां पुण्यकर्मणाम ।*

*उपाख्यानै: सह ज्ञेयं श्राव्यं भारतमुत्तमम् ॥* (મહા. આદિ. ૧,૧૭)

"પવિત્રકાર્યોનું વર્ણન કરતું લાખ શ્લોકોનું આ 'ભારત' ઉપાખ્યાનો સાથે સાંભળીને જાણવાનું ઉત્તમ છે."

રામાયણની ઉત્પત્તિની કથા પોતે જ કાવ્યની ઉત્પત્તિની કથા બની રહે છે. પરંતુ રામમાયણ બાલકાંડ (૧-૨-૧૫) અને રઘુવંશ (૧૪-૭૦) માં વાલ્મિકીનો શોકએ શ્લોક બનવાની જે વાત છે. તે સમગ્ર સંસ્કૃત કાવ્ય કે સાહિત્ય વિશે એક નવો જ ખ્યાલ પ્રસ્તુત કરનાર બને છે. વાલ્મિકિની વ્યથામાંથી રામાયણની કથા ઉપજાવીને વ્યથા કથાનો શોક-શ્લોક નો સંબંધ જોડી કરૂણ રસ એ કાવ્યરસ હોવાનો , કરૂણ એ જીવન નું તેમજ કલાનું નિયમ હોવાનો , નવો જ , ભવભૂતિના કરૂણ એક રસ છે, બીજા રસો એ એના વિવર્તે છે તેના સિધ્ધાંત જેવો, સાહિત્યિક સિધ્ધાંત ઉપવાસાવવામાં આવ્યો તે ક્રાંતિકારી બીના છે.

પાદટીપ

૧). ડૉ. વિ. રાઘવન 'દ ઈન્ડિયન હેરિટેજ' આમુખ

૨). પ્રા. ર.છો. પરીખનો અનુવાદ, વૈદિક પાઠાવલી, પૃ. ૨૦૮ ને ૨૧૦

૩). મો. પા. દવે કૃત 'A History of Sanskrit Literature' નો અનુવાદ